## સોશિયલ મીડિયા.કોમ

મંદિર કંઈ માગવાની જગ્યા નથી,
પરંતુ જે કાંઈ મળ્યું છે તે બદલ આભાર માનવાની જગ્યા છે.

●

દુનિયામાં બધું જ કિંમતી હોય છે....
મળ્યા પહેલાં અને ગુમાવ્યા પછી.

●

**હા સાહેબ, હું પૈસો છું**

આપ મને મૃત્યું પછી ઉપર નહી લઈ શકો ..
પણ જીવતાં હું તમને બહુ ઉપર લઈ જાવ છું...
હા સાહેબ, હું પૈસો છું
મને પસંદ કરો એટલે સુધી કે
લોકો તમને નાપસંદ કરી જ ન શકે...
હા સાહેબ, હું પૈસો છું
હું ભગવાન નથી પણ લોકો મને
ભગવાન થી ઓછો નથી માનતાં...
હા સાહેબ, હું પૈસો છું
હું મીઠા જેવો છું જે જરૂરી તો છે
પણ જરૂરીઆતો કરતાં વધુ તો જીવનનો સ્વાદ બગાડુ છું
હા સાહેબ, હું પૈસો છું
ઈતિહાસ એવા કેટલાય ઉદાહરણ જોવા મળે છે
જેની પાસે અઢળક સંપત્તિ હતી તેના મોત પછી
રોવાવાળા કોઈ ન હતાં
હા સાહેબ, હું પૈસો છું
હું કંઈ જ નથી છતાં
હું નક્કિ કરૂ છું કે લોકો તમારી કેટલી ઈજ્જત કરશે
હા સાહેબ, હું પૈસો છું
હું તમારી પાસે છું તો તમારો છું
તમારી પાસે નથી તો તમારો નથી
પણ હું તમારી પાસે છું તો સૌ તમારાં છે.
હા સાહેબ, હું પૈસો છું
હુ નવાં નવાં સંબંધો બનાવું છું..
પણ સાચા અને જુનાં બગાડુ છું
હા સાહેબ, હું પૈસો છું
હું જ બધા કજિયાનું મૂળ છું
તો પણ કેમ બધા લોકો મારી પાછળ પાગલ છે ?
હા સાહેબ, હું પૈસો છું

●

મનુષ્ય માં સમજણ બસ એટલી જ છે કે તેને 'જાનવર' કહો તો ગુસ્સે થાય છે.
અને 'સિંહ' કહો તો ખુશ થઈ જાય છે.
એ જાણે છે કે 'સિંહ' પણ એક જાનવર જ છે, છતાં !

●

**પરિવર્તન તો જુઓ**

૧. પહેલાં લગ્નમાં ઘર ની સ્ત્રીઓ જમવાનું બનાવતી હતી અને નાચવા વાળીઓ બહાર થી આવતી હતી. હવે જમવાનું બનાવવાવાળા બહારથી આવે છે અને ઘરની સ્ત્રીઓ નાચે છે.
૨. પહેલાના લોકો ઘરનાં દરવાજે એક માણસને ઊભા રાખતા હતા જેથી કોઈ કુતરો ઘરમાં ઘૂસી ના જાય. આજકાલ લોકો ઘરના દરવાજા પર કુતરો ઉભો રાખે છે કે જેથી માણસ અંદર ઘુસી ના જાય.
૩. પહેલાં લોકો ખાવાનું ઘરમાં ખાતા હતા અને કુદરતી હાજતે (લેટ્રીન) ઘરની બહાર જતા હતા.અત્યારે ખાવાનું બહાર ખાય છે અને કુદરતી હાજતે (લેટ્રીન) ઘરમાં જાય છે.
૪. પહેલાં માણસ સાયકલ ચલાવે તો ગરીબ સમજવામાં આવતો હતો. હવે ગાડી લઈને જીમમાં જાય છે અને સાયકલ ચલાવવા માટે જાય છે.

●

વાહ રે મનુષ્ય તારો સ્વભાવ.....
મડ્દા ને હાથ લગાવે તો સ્નાન કરે છે..
અને મુંગા પશુઓને મારીને ખાય છે...

●

આ મંદિર મસ્જિદ પણ ગજબની જગ્યા છે મિત્રો.
જ્યાં ગરીબ બહાર અને અમીર અંદર ભીખ માંગે છે.

●

વિચિત્ર દુનિયા નું કઠોર સત્ય...
વરઘોડામાં વરરાજા સૌથી પાછળ
અને લોકો આગળ ચાલે છે.
સ્મશાન માં ઠાઠડી આગળ
અને લોકો પાછળ ચાલે છે.
એટલે કે લોકો ખુશીમાં આગળ
અને દુઃખમાં પાછળ હોય છે.

●

અજબ તારી દુનિયા, ગજબ તારો ખેલ.
મીણબત્તી સળગાવીને મરેલાંને યાદ કરવામાં આવે છે.
અને મીણબત્તી હોલાવીને જન્મદિવસ ઉજવવામાં આવે છે.

●

પાયલ હજારો રૂપિયામાં આવે છે
પરંતુ પગમાં પહેરવામાં આવે છે
બિંદી ૧ રૂપિયામાં આવે છે
પરંતુ માથા પર લગાવવામાં આવે છે.
તો સમજો કે કિંમત નહીં, કાર્ય મહત્ત્વનું છે.

●

એક પુસ્તકાલયમાં ગીતા અને કુરાન
એક બીજા સાથે નથી ઝગડતા
અને
જે એમના માટે ઝગડો કરે છે
તે કોઈ દિવસ ગીતા-કુરાન વાંચતાં જ નથી.

●

તું સપનામાં આવે, જાય તો એ #metoo કહેવાય કે નહીં ?
મને અમસ્તું કંઈ કંઈ થાય તો એ #metoo કહેવાય કે નહીં ?
આપણે બંને પ્રેમમાં પડીએ તો એને #metoo કહેવાય કે નહીં ?
પ્રેમ મને એકલાને થાય તો એ #metoo કહેવાય કે નહીં ?
હવે તારી સામે ભૂલમાં પણ સહેજ વધુ પડતું જોવાય
તો મનમાં એ શંકા થાય કે આ #metoo કહેવાય કે નહીં ?
ટોળામાં હું ગમે તેટલું સાચવીને ચાલું તો પણ
તુંજ જો સામેથી અથડાય તો એ #metoo કહેવાય કે નહીં ?
વિશ્વામિત્રનો તપોભંગ એણે જ કરાવ્યો હતો એ ભૂલી
મેનકા ફરિયાદી થઈ જાય તો એ #metoo કહેવાય કે નહીં ?
મટકી ફોડતી વખતે કાનુડાએ કરેલા સ્પર્શ બદલ
ગોપીને અવિનય જો જણાય તો એ #metoo કહેવાય કે નહીં ?

**- ડો. મુકુલ ચોક્સી**

●

**નાના માણસની મોટી શિખામણ**

કૉલેજથી નીકળતાં તમે વિચારી જ લીધું હતું મીરા, કે આજે તો માનસને રોકડું પરખાવી જ દેવું છે : 'બહુ સહન કર્યુ લગ્નજીવનમાં... હવે બહુ થયું. ક્યાં સુધી આમ પતિની મનમાની ચલાવી લેવાની ?' તમારે નોકરી તો છે જ, એટલે જો પિયર જતાં રહેશો તો પણ મા-બાપને ભારે નહીં જ પડો...

કાર ચલાવવાની થોડી પ્રૅક્ટિસ થઈ એટલે ડ્રાઈવરને બાજુમાં બેસાડી કાર તમે જાતે ચલાવવા લાગ્યાં. મનની ડામાડોળ પરિસ્થિતિને કારણે ધ્યાન ન રહેતાં એક જગ્યાએ અચાનક શૉર્ટ બ્રેક મારવી પડી. ત્યારે ડ્રાઈવર નટુકાકા બોલ્યા, 'સામેવાળાનું થોડું ધ્યાન રાખીએ ને ધીરજ ધરીએ તો મોટા ઍક્સિડેન્ટથી બચી જવાય બેટા.'

અને તમે..... ઘેર પહોંચતાં જ માનસને ભેટી પડ્યાં.

**- ડો. હેતલ દોશી**

# ઉત્તમ શિક્ષક હંમેશાં વિદ્યાર્થી સાથે નિસબત ધરાવે છે






**કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે કૉલેજના અધ્યાપકોના વ્યક્તિત્વ વિકાસ અને જ્ઞાન અભિવૃદ્ધિ માટે ત્રિ-દિવસીય ફૅકલ્ડી ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયો**

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના યજમાનપદે કૉલેજના અધ્યાપકોના વ્યક્તિત્વ વિકાસ અને જ્ઞાન અભિવૃદ્ધિ માટે ત્રિ-દિવસીય ફૅકલ્ડી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન ૧૨થી ૧૪ નવેમ્બર દરમિયાન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામના ભાગરૂપે ત્રણ દિવસ જુદા-જુદા વિષયના તજજ્ઞોનાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ ચરણમાં કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન ડૉ. તુષાર હાથીના વક્તવ્યનું આયોજન કરાયું હતું. તેમણે ઉત્તમ શિક્ષકનો કોઈ વિકલ્પ નથી એ વિષયે વિશદ છણાવટ કરી હતી. વિવિધ દ્દષ્ટાંતો દ્વારા કઈ રીતે પરંપરાગત શિક્ષકની છબિમાંથી બહાર આવીને કૌશલ્યો દ્વારા ઉત્તમ શિક્ષકની છબિ સ્થાપિત કરી શકાય તે મુદ્દે તેમણે અધ્યાપકો સાથે ચર્ચા કરી હતી.

બીજા ચરણમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બિઝનેસ મેનેજમેન્ટ વિભાગના ડૉ. હિતેષ શુક્લનું વક્તવ્ય યોજાયું હતું. તેમણે પ્રાયોગિક દ્દષ્ટાંતો આપીને અધ્યાપકોને સંપૂર્ણ સહભાગી બનાવીને આજના સમયની તાતી જરૂરિયાત એવા વિષય 'આઉટ કમ લર્નિંગ' વિષયે પોતાનું રસપ્રદ વ્યાખ્યાન રજૂ કર્યું હતું.

ત્રીજા ચરણમાં એમ જે કુંડલિયા કૉમર્સ કૉલેજના અધ્યાપક ડૉ. મનીષ રાવલે પોતાનું વક્તવ્ય આપ્યું હતું. ફિલ્મ 'એ બ્રિજ ટુ ટેરીબીથિયા' સાથે રિસર્ચ ઍટીટ્યુડને સમાંતર રાખીને તેમણે રિસર્ચ માહોલ ઊભો કરી આપ્યો હતો. રિસર્ચ માટે જરૂરી એવા ક્રિએટીવિટી, પોઝીટીવિટી, ઈન્વોલ્વમેન્ટ જેવા મુદ્દા પર તેમણે ભાર મૂક્યો હતો. ફૅકલ્ટી ડૅવલપમૅન્ટ પ્રોગ્રામના બીજા દિવસના પ્રથમ ચરણમાં ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટીના ઈન-ચાર્જ રજિસ્ટ્રાર અને અંગ્રેજીનાં અધ્યાપક ડૉ. અમી ઉપાધ્યાયે 'ઓરેટરી એસેન્શીયલ ફોર લર્નિંગ' વિષયે પોતાના અનુભવનાં ભાથાં સાથે રસપ્રદ રજૂઆત કરી હતી. વર્ગખંડમાં અધ્યાપકો માટે ઓરેટરી એટલે કે વાક્છટા ઉપરાંત કમ્યુનિકેશનના વિવિધ આયામો તેમણે રજૂ કર્યા હતા. ઉત્તમ શિક્ષક હંમેશાં વિદ્યાર્થી સાથે નિસબત ધરાવે છે, એ તેમના વક્તવ્યનો મુખ્ય સૂર હતો. બીજા દિવસના બીજા ચરણમાં એમ કે યુનિવર્સિટીના મૅનેજમૅન્ટના અધ્યાપક ડૉ. જય બદયાનીએ ટૅકનોલૉજી દ્વારા કઈ રીતે શિક્ષણમાં 'વૅલ્યુ ઍડિશન' કરી શકાય તેની જુદાં-જુદાં ઉદાહરણો સાથે ચર્ચા કરી હતી. આજના યુગમાં શિક્ષણ અને બેરોજગારી વચ્ચેની ખાઈને કઈ રીતે ઓછી કરી શકાય એ વિષયે તેમણે પ્રકાશ પાડ્યો હતો. બીજા દિવસના ત્રીજા ચરણમાં ડૉ. મહિમ્ન પંડ્યાએ આજના ડિજીટલ યુગમાં કઈ રીતે ડિજીટલ એસેટ્સને જુદાં-જુદાં ભયસ્થાનોથી બચાવી શકાય તેની પ્રાયોગિક રજૂઆત કરી હતી.

કાર્યક્રમના ત્રીજા દિવસે અંતિમ ચરણમાં ભવન્સ કૉલેજનાં આચાર્ય અને અંગ્રેજીનાં અધ્યાપક ડૉ. નીરજા ગુપ્તાએ 'ટીચર એઝ એ રોલ મૉડેલ' વિષયે ઈતિહાસના જુદા-જુદા ઉત્તમ શિક્ષકોને કેન્દ્રમાં રાખીને પોતાના વક્તવ્યની રજૂઆત કરી હતી. આ ફૅકલ્ટી ડૅવલપમૅન્ટ પ્રોગ્રામની ફળશ્રુતિરૂપે અધ્યાપકો શિક્ષણની નવી દિશાઓથી વાકેફ થયા હતા અને નવા સત્ર માટે તેમણે નવું જોમ પ્રાપ્ત કર્યું હતું. આ સફળ કાર્યક્રમનું આયોજન ડૉ. સુજલ પાઠક દ્વારા આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું.

# બ્રહ્માકુમારીઝ ગાંધીનગર આજે ઉજવશે ૩૯મો વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આદરણીય રાજયોગિની કૈલાશ દીદીજીની અધ્યક્ષતામાં સેકટર-૧૬માં બે રૂમ રસોડાના કવાટરમાં ૧૯ નવેમ્બર ૧૯૭૯માં બ્રહ્માકુમારીઝનું આધ્યાત્મિક સેવાકેન્દ્ર શરૂ કરવામાં આવેલ. સેવાના વ્યાપ અને ગાંધીનગરની પ્રગતિને ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા સેકટર-૨૮માં ફાળવેલ પ્લોટ પર વિશાળ શિવશક્તિ ભવનનું નિર્માણ કરવામાં આવેલ.જેને ૩૯ વર્ષ પૂર્ણ થતાં ૩૯મો વાર્ષિકોત્સવ સોમવારે ઉજવાઈ રહ્યો છે.

૧૯૭૯થી બ્રહ્માકુમારીઝ દ્વારા સમગ્ર ગાંધીનગર શહેર અને ગાંધીનગર જિલ્લામાં વિશ્વ નવનિર્માણ આધ્યાત્મિક પ્રદર્શન, આધ્યાત્મિક સ્નેહમિલન, રાજયોગ શિબિર,ચૈતન્ય દેવીઓની ઝાંખી, આધ્યાત્મિક મેળા, રાજભવન, રાજ્ય મંત્રી મંડળ, સચિવાલય, અને ખાતા વડાઓની કચેરીઓમાં સ્નેહ મિલન રક્ષાબંધન જેવા વિવિધ કાર્યક્રમો, વ્યસનમુક્તિ શિબિર, બાળ ઉત્થાન શિબિર, યુવા જાગૃતિ શિબિર, ટ્રાફિક અવેરનેસ કેમ્પ, સ્ટ્રેસ ફ્રી લાઈફ, ડાયાબીટીસ અવેરનેસ કેમ્પ, કલીનલીનેસ અવેરનેસ કેમ્પ જેવા અનેકાનેક સોસીયોસ્પીરીચ્યુઅલ કાર્યક્રમો દ્વારા આધ્યાત્મિક સેવાની ધૂણી ધખાવેલ. આધ્યાત્મિક સેવાનો વ્યાપ વધવાની સાથે ગાંધીનગરમાં શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, સેકટર-૨૮ ખાતેના મુખ્ય સેવાકેન્દ્ર (મોબાઈલઃ ૯૯૭૯૦૯૯૯૨૨ તથા ૯૮૭૯૬૧૨૧૧૨) ઉપરાંત આદરણીય કૈલાશ દીદીજી દ્વારા બીજા સાત સેવાકેન્દ્રો (૧) 'જગદંબા ભવન', સર્કલ પાસે, મુ. મોટા ચિલોડા, પોસ્ટઃ ડભોડા, તા.જી.:ગાંધીનગર મોઃ ૯૮૭૯૬૧૨૧૨૦, (૨) 'બાબા ભવન', પ્લોટ નં ૮૫,૮૬, ઉર્જાનગર હાઉસીંગ સોસાયટી, સીટી પલ્સ સિનેમા પાસે, રાંદેસણ રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭ મોઃ૯૮૭૯૬૧૨૧૧૦, (૩) પ્લોટ નં.૧૫૯૫/૨, સેકટર-૨/સી, રીંગ રોડ ઉપર, ગાંધીનગર-૩૮૨૦૦૭ મોઃ૯૮૭૯૬ ૧૨૧૪૪, (૪) બં.નં.૨૫,પારિજાત હોમ્સ, સરગાસણ ચોકડી, ગામઃઉવારસદ, ગાંધીનગર મોઃમોબાઈલ નંઃ ૯૪૨૯૫૭૧૦૮૦, (૫) પ્લોટ નં.૨૮,સર્વોદય નગર હાઉસીંગ સોસાયટી, સેકટર-૩૦, ગાંધીનગર-૩૮૨૦૩૦ મોઃ ૭૫૦૬૫૮૪૧૮૮, (૬) પ્લોટ નં.૩૭૨/૨, પ્રેરણા વિધ્યાલય સામે, અંબાજી માતાના મંદિર પાછળ, સેકટર-૫/એ, ગાંધીનગર મોઃ૬૩૫૪૮૦૫૨૪૫, (૭)પોકારનો માઢ, દિલિપભાઈના મકાનમાં, ગામઃસરઢવ, જિલ્લોઃ ગાંધીનગર મોઃ ૯૪૨૯૫ ૭૧૦૮૦ ની સ્થાપના કરવામાં આવેલ. અને આ ઉપરાંત ગાંધીનગર જિલ્લાના ૭૦ જેટલાં ગામોમાં રાજયોગ ગીતાપાઠશાળાઓ દ્વારા ગ્રામ્ય સ્તરે પણ આધ્યાત્મિક સેવાઓ પ્રગતિ પામી રહી છે.જેમાં કૈલાશદીદીજી સાથે ૩૪ જેટલાં સમર્પિત બ્રહ્માકુમાર ભાઈ બહેનો અને ૪,૦૦૦ જેટલાં ગૃહસ્થી ભાઈ બહેનો રોજ પરમાત્મા દ્વારા આપવાવ કરી રહ્યા છે.

૧૯ નવેમ્બર ગાંધીનગરમાં બ્રહ્મા કુમારીઝની સેવાના સ્થાપના દિવસે ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના પ્રભુ પ્રેમી ભાઈ બહેનોને આ દિવસ ખાસ ટેન્શન મુક્ત થવા, વ્યસનથી છુટવા, મનની શાંતિ માટે અને ગ્રહસ્થ વ્યવહારમાં સુમેળ થાય તે માટે પરમાત્માના ઉપરોકત સેવાકેન્દ્રો પૈકી આપના નજીકના સેવાકેન્દ્ર ખાતે પ્રભુપિતાના ઘરે પધારી મેડિટેશન રૂમ- ધ્યાનકક્ષની મુલાકાત લેવા રાજયોગિની કૈલાશ દીદીજી એ હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

## જન્મદિને વધામણી



**મીત શેતલભાઈ શાહ**
**શ્રી વિનય ટ્રેડર્સ**
**મો. ૯૫૮૬૦ ૩૩૧૩૯**



**મનોજ તપોધન**
**મો. ૯૭૩૭૦ ૨૦૭૭૨**

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**

**- સંપાદક**



ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જુદી જુદી સ્કૂલના વિદ્યાર્થીઓ જોડાયા હતા.

# વ્યાપક વિકાસ માટે ભારતને સંસ્થાકીય માળખાની જરૂર

અમદાવાદ, તા.૧૮

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી શનિવારે અમદાવાદની પ્રતિષ્ઠિત આઈઆઈએમમાં પ્રવચન આપવા માટે પહોંચ્યા હતા. તેમના અંતિમ પ્રવચનમાં પ્રણવ મુખર્જીએ જુદા જુદા વિષય ઉપર વાત કરી હતી. પ્રણવ મુખર્જીએ સંશોધન માટે એનર્જી લગાવી દેવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. હવે શરૂ થઈ રહેલા ફાઈનલ પ્લેસમેન્ટ પહેલા પૂર્વ રાષ્ટ્રપતિએ વિદ્યાર્થીઓની અંદર રિસર્ચ અને ઈનોવેશન તેમજ નોકરી વચ્ચે અસમતુલાની વાત કરી હતી. પોતાના ગેસ્ટ ફેકલ્ટી તરીકેના પ્રવચનમાં પ્રણવ મુખર્જીએ વિદ્યાર્થીઓને તેમની ઉર્જા સંશોધનની કુશળતામાં લગાવવા અપીલ કરી હતી. બહુરાષ્ટ્રીય કંપનીઓ પાસેથી નોકરી મેળવવાની સામે રિસર્ચમાં ધ્યાન કેન્દ્રિત કરવા પ્રણવ મુખર્જીએ અપીલ કરી હતી. આઈઆઈએમમાં ખાસ વિષય ઉપર કોર્સના ભાગરૂપે પ્રણવ મુખર્જીએ કહ્યું હતું કે વ્યાપક વિકાસ માટે ભારતને સંસ્થાકીય માળખાની જરૂર દેખાઈ રહી છે.





અગાઉના ચાર લેકચરની જેમ જે આજે પણ અંતિમ લેકચરમાં પ્રણવ મુખર્જી માટે તમામ લોકોને બોલાવવામાં આવ્યા હતા. આઈઆઈટી અને એનઆઈટી જેવી ફર્સ્ટ કલાસ સંસ્થાઓ અંગે વાત કરતા પ્રણવ મુખર્જીએ કહ્યું હતું કે જ્યારે આ કેમ્પસમાંથી ગ્રેજ્યુએટ થયેલા લોકો નોકરીની માંગ કરે છે ત્યારે વિશ્વાસનો અભાવ દેખાઈ આવે છે. કુશળ વિદ્યાર્થીઓએ રિસર્ચ અને ઈનોવેશન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ૩૬૦૦૦ ડિગ્રી કોલેજો કામ કરી રહી છે. આઈઆઈટી, એનઆઈટી અને અન્ય ઘણી બધી સંસ્થાઓમાં કુશળ વિદ્યાર્થીઓ તૈયાર થઈ રહ્યા છે. ૨૦૧૫માં ૨૪૦૦૦ પોસ્ટ ડૉક્ટરરલ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જાપાન, યુકે અને અમેરિકા બાદ ભારતે ચોથુ સ્થાન મેળવ્યું હતું. તમામ ઉચ્ચ સંસ્થાઓમાંથી અમારા તમામ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ મલ્ટીનેશનલ કંપનીઓમાં મેનેજર સ્તરની નોકરી મેળવી રહ્યા છે. પ્રણવ મુખર્જીએ કહ્યું હતું કે આજે સંશોધન ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે. અબ્દુલ કલામ બાદ પ્રણવ મુખર્જી બીજા પૂર્વ રાષ્ટ્રપતિ છે જે ગેસ્ટ ફેકલ્ટી તરીકે અગ્રણી સંસ્થામાં લેકચર આપે છે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

**॥ ૨૯મો મણકો ॥**

તેમણે દક્ષિણ આફ્રિકામાં જે સત્યાગ્રહ કર્યો હતો તેની સાથે સફળતાય જોડાયેલી હતી. અને એ કારણે દેશમાં તેઓ જ્યાં ગયા ત્યાં તેમનાં સન્માન થયાં, તેમને માનપત્રો મળ્યાં. અને માનપત્ર મળે તો જવાબમાં આભારના શબ્દો કહેવા જોઈએ એવો વિવેક હતો. તેથી તેમણે એક વર્ષ દરમ્યાન જે કોઈ વ્યાખ્યાનો કર્યાં તે આ માનપત્રોના જવાબરૂપે આભાર તરીકે કર્યાં. તેમનું પહેલું જાહેર વ્યાખ્યાન તો બનારસ હિન્દુ યુનિવર્સિટીના મકાનના શિલાન્યાસ વખતનું વ્યાખ્યાન, જેમાંથી ગાંધી આખા દેશમાં જાહેર થઈ ગયા.



પણ આ એક વર્ષ દરમ્યાન તેમણે મર્યાદિત મૌન પાળ્યું હતું; મર્યાદિત અને ઉપયોગી મૌન.

તેમને દેશને સમજવો હતો. દેશને સમજવો એટલે શું ? દેશને સમજવો એટલે દેશવાસીઓને સમજવા. એ શું વિચારે છે ? એ શું શું વિચારે છે ? ઘણી બધી બાબતો છે. એ વિશે વિચારવું. એમાંથી કોઈ લઘુત્તમ સાધારણ અવયવ નીકળે છે ? દેશવાસીઓના પ્રશ્નોની કંઈ સમજ મળે છે ? એના ઉકેલની કોઈ દિશા મળે છે ? એ સમજવું.

આ માટે તેમણે નક્કી કર્યું કે ટ્રેનમાં થર્ડ ક્લાસમાં જ મુસાફરી કરીશ. પીટસમારીસબર્ગમાં જે માણસે ગોરા અમલદારને ફર્સ્ટક્લાસની ટિકીટ બતાવીને એમ કહ્યું હતું કે, મારી પાસે ફર્સ્ટક્લાસની ટિકીટ છે અને હું તો ફર્સ્ટક્લાસમાં જ બેસીશ. એ જ માણસે અહીં આવીને થર્ડ ક્લાસમાં બેસવાનું નક્કી કર્યું. કેમ ? કારણ કે હિન્દુસ્તાનની મોટાભાગની જનતા, મોટાભાગના લોકો થર્ડ ક્લાસમાં મુસાફરી કરતા હતા.

150 ગાંધીયાત્રા

૧૯૧૫ની એ સાલ હતી, વિશ્વયુદ્ધ ચાલુ થઈ ચૂક્યું હતું, એક વર્ષ થઈ ચૂક્યું હતું. અને યુદ્ધમાં થાય છે તેમ ફૌજીઓની અવરજવર વધી ગઈ હતી. એમના માટે સ્પેશિયલ ટ્રેનો પણ દોડાવવામાં આવી રહી હતી અને ક્યારેક તો એવું થતું કે મુસાફરોની ટ્રેન પણ તેમના માટે સ્પેશિયલ થઈ જતી. આવી જ એક ટ્રેનના જનરલ ડબ્બામાં સૈનિકોએ કબજો જમાવી દીધો હતો. સ્ટેશન આવવાનું થાય એ પહેલાંથી એક મજબૂત બાંધાનો માણસ આવીને દરવાજે ઊભો રહી જાય અને સ્ટેશન આવે એટલે જોરજોરથી બૂમો પાડે, 'ફૌજી ડિબ્બા હૈ..... ફૌજી ડિબ્બા હૈ....' ગાંધીજીએ પણ એ સાંભળ્યું. પણ એમણે ડબ્બા પર વાંચ્યું ને કળ્યું કે છે તો જનરલ ડબ્બો. તેથી તેમની સામે એ ડબ્બો આવ્યો એમાં એ ચડવા માંડ્યા. પેલા માણસે તેમને કહ્યું, 'સૂના નહીં ? ફૌજી ડિબ્બા હૈ.' 'કુછ ફિકર નહીં' એમ શાંતિથી કહી બાપુ તો ડબ્બામાં ચડી ગયા. પેલો માણસ ધૂંધવાયો. પોતાની ખાલી બેઠક પર ગાંધીજી બેસવા જાય એટલે એમને પાઠ ભણાવું એવું નક્કી કરી એ ડબ્બામાં આવ્યો. પણ ગાંધીજી તેની બેઠક પર બેઠા નહીં. એ માણસ પોતાની બેઠક પર બેઠો કે તરત જ બાપુ તેના પગ પાસે નીચે જ બેસી ગયા. પેલા માણસને ધક્કો લાગ્યો ને થોડીક વાર પછી વાતચીતથી શરૂઆત થઈ ને તેણે જ બાપુને બેસવા માટે પોતાની બાજુમાં જગ્યા કરી આપી.


આમ, લોકોનું મન કેમ કામ કરે છે ? એ ગાંધીજી સમજ્યા હતા અને એ મન વિરોધીનું હોય તોય એને જીતવાનું એમને આવડતું હતું.

આખી ટ્રેન ખાલી હોય તેમ છતાં આ જ ડબ્બો ભરેલો છે ને બાકી આખી ટ્રેન ખાલી છે એમ આપણે સૌને કહેતાં હોઈએ છીએ. આપણે ત્યાં આ સામાન્ય ક્રમ છે. એમ જ પેલા માણસે પણ કર્યું, પણ ગાંધીજીએ તેનું મન જીતી લીધું.

લોકોનું મન જાણવા ને લોકોને ઓળખવા તેઓ લાખો લોકોની શ્રદ્ધા જ્યાં ભેગી થતી હતી તે હરદ્વારના કુંભમેળામાં પણ ગયા. આજે તો કુંભમેળામાં કરોડો લોકોની સંખ્યા થાય છે, તો ત્યારે પણ લાખોની તો થતી જ હતી. ગાંધીજી એક વાત સારી રીતે જાણતા હતા કે જ્યાં લોકોની ભીડ થાય ત્યાં કચરો તો થાય જ. તેથી તેમણે પોતાના સ્વયંસેવકોની ટીમને કહી જ દીધું હતું કે, આપણે સત્સંગ માટે બપોરે નીકળીશું, સવારે તો સફાઈ જ કરવાની. આમ, ધર્મસ્થાનમાં જઈનેય તેમણે પોતાનાં કાર્યોની શરૂઆત સફાઈથી જ કરી હતી.

ગાંધીજી ભારત આવ્યા એ પહેલાં ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે તેમને પત્ર લખીને જણાવી દીધું હતું કે, 'તમે ભારત આવી રહ્યા છો તે વાતનો આનંદ છે અને અહીં પણ તમે તમારી રીતે આશ્રમ સ્થાપશો જ. પણ એ આશ્રમ સ્થાપો ત્યાં સુધીના ગાળામાં તમારા આશ્રમ કુમારો ક્યાં રહેશે ? ત્યાં સુધી એમને મારા આશ્રમમાં રાખો.' આમ તેમનું આમંત્રણ મળતાં ગાંધીજીએ ફિનિક્સ આશ્રમના આશ્રમકુમારોને શાંતિ નિકેતન આશ્રમમાં રાખ્યા હતા અને તેમને 'હેલો' કહેવા ગાંધીજીએ ત્રણ વખત શાંતિ નિકેતન સુધીની મુસાફરી પણ કરી હતી.

પરંતુ, શાંતિ નિકેતનથી આસામ સુધીની મુસાફરી દરમ્યાન તેમણે ક્રૉસ સૅક્શન ઑફ સોસાયટી જોયું. મતલબ કે આ મુસાફરી દરમ્યાન તેઓ અનેક પ્રકારના લોકોને મળ્યા. એમાં અમીર લોકો પણ હતા, ગરીબ લોકો પણ હતા. અનેક પ્રાંતોના અનેક પ્રકારના રાજકીય પક્ષોના કાર્યાલયોમાં પણ તેઓ ગયા, એ કાર્યાલયોના પદાધિકારીઓથી માંડીને પક્ષના વડાઓ અને સામાન્યમાં સામાન્ય કાર્યકર સુધીના માણસોનેય મળ્યા. એમ કરીને તેમણે દેશને સમજવાનો પ્રયાસ કર્યો, દેશના લોકોને સમજવાનો પ્રયાસ કર્યો. (ક્રમશઃ)



**સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'**
**કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ**